99th ANNUAL REPORT

The Surat People's Co-op. Bank Ltd.
Estd.: 1922
Multi State Scheduled Bank

Growth rewritten

ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.
શતાબ્દી વર્ષ
૧૦૦મું વર્ષ
સ્થાપના : ૨૧.૦૪.૧૯૨૨

PEOPLE'S BANK
in real sense

RBI LICENCE NO. ACD. GJ.223 P : 2-10-1980
REGD. NO. MSCS/CR/1283/2018 : 28-03-2018

PEOPLE'S BANK in real sense

Board of Directors & Top Management

Mr. Ashit Gandhi
[President]

Mr. Sanjiv Tamakuwala
[Vice President]

Mr. Mukeshchandra Gajjar
[Director]



Mr. Jayvadan Bodawala
[Director]

Mr. Pravinchandra Jariwala
[Director]

Mr. Mukesh Dalal
[Director]

Mr. Sunil Modi
[Director]

Mr. Amit Gajjar
[Director]

PEOPLE'S BANK in real sense

Mrs. Krinal Jariwala
[Director]

Mrs. Jasmine Mehta
[Director]

Mr. Ketan Modi
[Director]

Mr. Mahek Gandhi
[Director]

Dr. Jatin Naik
[General Manager]

Mr. Sunil Kapadia

Mr. Ashutosh Kapadia

[Assistant General Managers]

પ્રગતિના સૂચકઆંક

31/03/2021

(₹ કરોડમાં)

મંજૂર શેર ભંડોળ		₹ ૧૦૦.૦૦
વસૂલ શેર ભંડોળ		₹ ૬૫.૫૫
રિઝર્વ ફંડ		₹ ૧૮૪.૩૪
અન્ય રિઝર્વ્સ તથા ફંડો		₹ ૩૮૮.૮૮
થાપણો : – મુદતી	₹ ૩૮૨૫.૬૩	
– બચત	₹ ૧૧૧૧.૬૭	
– ચાલુ	₹ ૩૬૪.૭૦	₹ ૫૩૦૨.૦૦
ધિરાણો		₹ ૩૩૪૧.૨૬
રોકાણો : – ગવર્નમેન્ટ / એપ્રુવ્ડ સિકયોરીટી	₹ ૧૨૧૬.૮૭	
– નાણાકીય સંસ્થાઓ	₹ ૪.૯૧	
– બેન્કો	₹ ૭૩૯.૩૯	₹ ૧૯૬૧.૧૭
કાર્યકારી ભંડોળ		₹ ૬૧૦૪.૨૧
કાચો નફો		₹ ૩૫.૬૮
ચોખ્ખો નફો		₹ ૩૨.૩૮
'કોસ્ટ ઓફ ડિપોઝિટ્સ'		% ૬.૮૧
'કોસ્ટ ઓફ ફંડ્સ'		% ૬.૦૪
ગ્રોસ એન.પી.એ.		₹ ૯૫.૬૪
નેટ એન.પી.એ.		શૂન્ય %
ઓડિટ વર્ગ		" અ "
સભાસદો		૮૮૩૭૪
કર્મચારીગણ		૩૯૪

INDEX

અનુક્રમણિકા

વાર્ષિક સાધારણ સભાની નોટિસ
Notice of Annual General Meeting 1

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી બેન્કનો ૯૯મો વાર્ષિક અહેવાલ
Annual Report on behalf of the Board of Directors 4

ડિરેક્ટરોની સિદ્ધિઓ
Achievements of Directors 13

ચોખ્ખા નફાની ફાળવણી
Distribution of Net Profit 14

નોન પરફોર્મીંગ એસેટ્સ / ધિરાણોનું હેતુલક્ષી વર્ગીકરણ
Non Performing Assets / Purposewise Classification of Advances 15

બોર્ડ / પેટાસમિતિની મીટીંગમાં ડિરેક્ટરોની હાજરી
Attendance of Directors in Board / Sub Committees 16

ઓડિટર્સ રીપોર્ટ
Auditor's Report 17

૩૧.૦૩.૨૦૨૧ના રોજનું સરવૈયું
Balance Sheet as at 31st March '21 19

૩૧.૦૩.૨૦૨૧ના રોજ પૂરા થતાં વર્ષનું નફા નુકસાન ખાતું
Profit & Loss Account for the year ended 31st March '21 35

નોટ્સ ઓન એકાઉન્ટ્સ
Notes on Accounts 37

કેશ ફ્લો સ્ટેટમેન્ટ
Cash Flow Statement 41

ધિરાણોનું મુદત પ્રમાણે વર્ગીકરણ
Termwise Classification of Advances 42

ગ્રાહકો / સભાસદોના ધ્યાનાર્થે
Attention of Customers / Share Holders 43

પેટા કાયદાના સૂચિત સુધારા/વધારા
Proposed Amendment to The Bye-Lows 45

બેન્કની પ્રગતિગાથા
Bank's Path of Progress 47

ચિત્રયાત્રા
Pic Tour 48

PEOPLE'S BANK in real sense

વાર્ષિક સાધારણ સભાની નોટિસ

NOTICE OF ANNUAL GENERAL MEETING

બેન્કના સભાસદોને ખબર આપવામાં આવે છે કે, બેન્કના સભાસદોની નવ્વાણુંમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૬ જુલાઈ, ૨૦૨૧ સોમવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે "રંગભવન", જીવન ભારતી મંડળ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત મુકામે નીચે જણાવ્યા મુજબના કામો માટે મળશે જેમાં પધારવા નિમંત્રણ છે.

૧. તા. ૧૫.૧૨.૨૦૨૦ ના રોજ મળેલી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવાનું.

૨. પ્રમુખશ્રીનું પ્રવચન.

૩. ૨૦૨૦–૨૧ના વર્ષના બેન્કના હિસાબ તપાસણીની ઓડિટર તરફથી આવેલી નોંધ સભા સમક્ષ વાંચી રજૂ કરવાનું.

૪. બેન્કની બોર્ડે ૨૦૨૦–૨૧ના વર્ષના બેન્કના કામકાજનો અહેવાલ તથા તા. ૩૧–૦૩–૨૦૨૧ના રોજનું સરવૈયુ અને ૨૦૨૦–૨૧ના વર્ષનો નફા–નુકસાનનો હિસાબ રજૂ કર્યો છે તે સ્વીકારવાનું અને ચોખ્ખા નફાની ફાળવણી કરવા અંગે બોર્ડ ઓફ ડિરેકટર્સે કરેલી ભલામણ અનુસારની ફાળવણી મંજૂર કરવાનું તેમજ વર્ષ ૨૦૨૧–૨૨નું અંદાજપત્ર મંજૂર કરવાનું.

૫. સને ૨૦૨૧–૨૨ ના પ્રથમ છ માસ માટે બેન્કની બોર્ડ ઓફ ડિરેકટર્સએ ભલામણ કર્યા મુજબ સ્ટેટયુટરી ઓડીટરની નિમણૂંક કરવાનું.

૬. બેન્કના બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા બેન્કના પેટા કાયદાઓમાં સંલગ્ન પરિશિષ્ટ 'અ' માં દર્શાવ્યા પ્રમાણે ભલામણ કરાયેલા સુધારાઓને મંજૂર કરવા અંગે ચર્ચા વિચારણા કરી નિર્ણય કરવાનું.

૭. બોર્ડ ઓફ ડિરેકટર્સએ કરેલી ભલામણ અને સેન્ટ્રલ રજીસ્ટ્રારની મંજૂરીને આધીન ડિવિડન્ડ જાહેર કરવા બાબત.

૮. બેન્કના ડિરેકટર્સને કરેલા ધિરાણોની નોંધ લેવાનું.

૯. બેન્કના એન.પી.એ. થયેલા ખાતાઓ પૈકીના જે ખાતાઓમાં બેન્કની બોર્ડ ઓફ ડિરેકટર્સએ વર્ષ દરમ્યાન લેણી રકમ માંડવાળ કરવા કે રાહત આપવાનું મંજૂર કરેલ તેને બહાલી આપવાનું.

૧૦. બેન્કની ૯૯મી વાર્ષિક સાધારણ સભામાં હાજર ન રહી શકનારા સભાસદોની ગેરહાજરી મંજૂર કરવાનું.

૧૧. પ્રમુખશ્રીની મંજૂરીથી જે રજૂ થાય તે કામો ઉપર વિચારણા કરવાનું તથા નિર્ણય લેવાનું.

તા. ૩૦.૦૬.૨૦૨૧

ડો. જતીન નાયક
જનરલ મેનેજર

ખાસ નોંધ

Important Note

૧) જો કોઈ સભાસદને બેન્કના હિસાબ અંગે કોઈ ખુલાસો કે માહિતી જોઈતી હોય તો વાર્ષિક સાધારણ સભા મળવાના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં તે અંગે બેન્કને લેખિત જાણ કરવી કે જેથી સામાન્ય સભામાં તે અંગેના ખુલાસા કે માહિતી આપી શકાય.

૨) બેન્કના ૨૦૨૦–૨૧ ના વાર્ષિક અહેવાલની નકલ સેન્ટ્રલ ઓફિસ, તમામ શાખાઓ તેમજ બેન્કની વેબસાઈટ www.spcbl.in પરથી તા. ૧૫–૦૭–૨૦૨૧ ના રોજથી ઉપલબ્ધ થશે.

૩) કોરમના અભાવે સભા મુલતવી રહેશે તો તે જ દિવસે તે જ સ્થળે અડધા કલાક બાદ સભા ફરીથી મળશે જે કાયદેસર ગણાશે અને એજન્ડા મુજબની કાર્યવાહી કરશે.

૪) બેન્કની બોર્ડ ઓફ ડિરેકટર્સએ વર્ષ ૨૦૨૦–૨૧ માટે નિયમિત રીતે ચૂકવાતા ૧૫% ડિવિડન્ડની ભલામણ કરી છે. ઉપરાંત, શતાબ્દી વર્ષ નિમિત્તે સ્પેશ્યલ ડિવિડન્ડ ૧૫% (સેન્ટ્રલ રજીસ્ટ્રારની પરવાનગીને આધીન) ચૂકવવા ભલામણ કરી છે.

૫) રીઝર્વ બેન્કના આદેશ અનુસાર દરેક સભાસદના KYC સંબંધિત પુરાવાઓ લેવાનું ફરજીયાત થયેલ હોવાથી જે સભાસદોએ KYC સંબંધિત પુરાવાઓ પુરા નહિ પાડયા હોય તેમને આવા પુરાવાઓ પુરા પાડયા બાદ જ ડિવિડન્ડ ચુકવાશે.

૬) જે સભાસદોએ હજુ સુધી તેમના વારસદારની નિમણૂંક ન કરી હોય તેમને વારસદારની નિમણૂંક કરવા વિનંતી છે.

૭) ધી મલ્ટી સ્ટેટ કો–ઓપરેટીવ સોસાયટીઝ એકટ–૨૦૦૨ અને બેન્કના પેટા કાયદા અનુસાર બેન્કના દરેક સભાસદે બેન્કની કોઈપણ એક સેવા લેવી ફરજીયાત હોવાથી અને એમ નહિ કરતા સભાસદ, સભાસદ તરીકે ગેરલાયક ઠરી શકે છે. આમ નહિ બને તે માટે બેન્કના દરેક સભાસદ / સભાસદ પેઢીઓને વિનંતી છે કે તેઓ આપણી બેન્કમાં બચત/ચાલુ ખાતા ખોલાવે, જેથી તેમને ચુકવવા પાત્ર ડિવિડન્ડની રકમ તેમના ખાતામાં જમા કરવામાં સુગમતા રહે અને સાથે સાથે બેન્ક દ્વારા પુરી પડાતી સેવાઓનો લાભ પણ મળી શકે.

NOTICE OF ANNUAL GENERAL MEETING

Notice is hereby given that the 99th Annual General Meeting of the share holders of the Bank will be held on Monday, 26th July, 2021 at 10.00 a.m. at "Rang Bhavan", Jeevan Bharti Mandal, Timaliyawad, Nanpura, Surat to transact the following business. We request you to make it convenient to attend the Meeting.

1. To confirm the minutes of the 98th Annual General Meeting held on 15.12.2020.
2. President's Speech.
3. To consider the report of Statutory Auditor for the year 2020-21.
4. (A) To consider and adopt Annual Report for the year 2020-21, Profit and Loss Account for the year ended 31st March 2021 and Balance Sheet as on 31st March 2021.

   (B) To consider and approve the appropriation of profit as recommended by the Board of Directors.

   (C) To approve Budget for the year 2021-22
5. To appoint Statutory Auditor for the first half of the year 2021-22 as recommended by the Board of Directors.
6. To discuss and approve the amendments in the Bye Laws of the Bank as recommended by Board of Directors and as attached in the annexure "A" herewith.
7. To delclare dividend as recommended by the Board of Directors subject to approval from Central Registrar.
8. To take note of the Loans and Advances given to Directors.
9. To ratify the approval of write off and/or waiver in NPA Account by Board of Directors during the year.
10. To sanction leave of absence to those members of the Bank, who are unable to attend 99th AGM.
11. To consider and approve any Other Matter with the approval of the President.

Date : 30.06.2021

Dr. Jatin Naik
General Manager

Note :

1. If any share holder requires any clarification regarding Bank's accounts he/she must inform the bank before 7 days of the Annual General Meeting, so that the clarification may be given in the Annual General Meeting.
2. The copy of Bank's Annual Report for the year 2020-21 will be available at Central Office, all the Branches & on website of the bank www.spcbl.in from the date 15-07-2021 .
3. If the meeting is adjourned due to lack of quorum, the same will be held after half an hour and the same will be treated as legal and the Business of the Agenda will be carried out.
4. Board of Directors has recommended 15 % Dividend to be paid as usual yearly Dividend. Moreover, Board of Directors has also recommended to pay 15% as special Dividend (subject to approval from Central Registrar) on the occasion of Centenary Year celebration .
5. As obtention of KYC related documents of members has been made compulsory by Reserve Bank of India, dividend will be paid only to those members who have furnished KYC related documents.
6. Members who have not done nomination are again requested to invariably make nominations.
7. As per The Multi - State Co-Operative Societies Act, 2002 and Bank's Bye Laws, members of the bank are required to avail at least one service of our bank to continue to be eligible for the membership. Members / Member firms are therefore requested to open savings/current account and comply extant rules / Bye laws pertaining to membership with our bank to facilitate payment of dividend.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી બેન્કનો ૯૯મો વાર્ષિક અહેવાલ

માનનીય સભાસદ ભાઈઓ અને બહેનો,

બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી તા. ૩૧.૦૩.૨૦૨૧ ના રોજ પુરા થયેલા વર્ષ ૨૦૨૦–૨૧ ના વાર્ષિક હિસાબો તથા વૈધાનિક ઓડિટ રિપોર્ટની સાથે બેન્કની પ્રગતિનો ૯૯મો વાર્ષિક અહેવાલ આપ સમક્ષ રજૂ કરતા તથા આપ સૌને બેન્કની વાર્ષિક સાધારણ સભામાં આવકારતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

વર્ષ દરમિયાન કોવિડ–૧૯ તથા લોકડાઉનની પ્રતિકૂળ અસરો હોવા છતાં આપણી બેન્કે થાપણ વૃધ્ધિ, ધિરાણ વૃધ્ધિ તેમજ નફાકારકતા ક્ષેત્રે સંતોષકારક કામગીરી કરી છે. બેન્કનો કુલ બિઝનેસ જે વર્ષ ૨૦૧૯–૨૦ના અંતે ₹ ૭૭૧૫.૩૫ કરોડ હતો તે વર્ષ ૨૦૨૦–૨૧ના અંતે ૧૨.૦૩% વધારા સાથે ₹ ૮૬૪૩.૨૬ કરોડ થયો છે.

શેર ભંડોળ :

વર્ષ દરમિયાન બેન્કની શેર મૂડી ₹ ૦.૪૬ કરોડના ઘટાડાને કારણે ₹૬૫.૫૫ કરોડ થઈ છે અને સભાસદોની સંખ્યા ૮૭૩૮૯થી વધીને ૮૮૩૭૪ થઈ છે.

અનામત તથા અન્ય ભંડોળ :

વર્ષ દરમિયાન બેન્કના અનામત તથા અન્ય ભંડોળમાં વર્ષ ૨૦૧૯–૨૦ના ચોખ્ખા નફામાંથી તથા વર્ષ ૨૦૨૦–૨૧ના કાચા નફામાંથી ફાળવેલ રકમમાં તેમજ બેન્કના પેટા કાયદાની જોગવાઈ અનુસારની રકમના ઉમેરાના કારણે કુલ ₹ ૧૯.૮૫ કરોડનો વધારો થતા બેન્કની અનામત તથા અન્ય ભંડોળની કુલ રકમ ₹ ૬૨૦.૩૫ કરોડ થઈ છે. આ રકમ માંથી વર્ષ દરમિયાન રીટાયરમેન્ટ બેનીફીટ ફંડની સ્કીમમાં ₹ ૪૭.૧૩ કરોડ LIC ને ચુકવ્યા બાદ વર્ષ ૨૦૨૦–૨૧ ના અંતે અનામત તથા અન્ય ભંડોળ ₹ ૫૭૩.૨૨ કરોડ છે.

મૂડી પર્યાપ્તતા ગુણોત્તર (CRAR) :

તા. ૩૧.૦૩.૨૦૨૧ના રોજ બેન્કની Tier-I મૂડી ₹ ૩૮૮.૨૭ કરોડ છે. જ્યારે Tier-II મૂડી ₹ ૮૫.૦૪ કરોડ છે.

બેન્કનો તા. ૩૧.૦૩.૨૦૨૧ના રોજનો મુડી પર્યાપ્તતા ગુણોત્તર ૧૩.૮૬% છે.

થાપણો :

ગત વર્ષે બેન્કની થાપણો ₹ ૪૭૭૯.૧૬ કરોડ હતી જે તા.૩૧.૦૩.૨૦૨૧ ના રોજ વધીને ₹ ૫૩૦૨.૦૧ કરોડ થઈ છે. આ વધારો ૧૦.૯૪% છે. વર્ષાન્તે બેન્કની Low Cost Deposit ૨૭.૮૫% છે.

DICGCનું વિમા કવચ :

બેન્કે નિયમાનુસાર ચૂકવવા પાત્ર થતું થાપણો પરનું પ્રિમીયમ DICGC ને સમયસર ચુકવ્યું છે જેથી બેન્કમાં મૂકાયેલી ₹ ૫ લાખ સુધીની થાપણો વીમાથી સુરક્ષિત છે. ચાલુ વર્ષમાં બેન્કે તા.૩૦.૦૯.૨૦૨૧ સુધીનું કુલ ₹ ૩૧૩.૮૭ લાખ પ્રિમીયમ ભર્યું છે.

ધિરાણ :

અગાઉના વર્ષોમાં બેન્કના ધિરાણનું ક્ષેત્ર ટેક્ષટાઈલ ઉદ્યોગમાં વધુ હતું. જે હવે વિભિન્ન નવા ક્ષેત્રોમાં થઈ રહ્યું છે.

ધિરાણની સરળ, ઝડપી અને સહકારભરી કાર્યપધ્ધતિ ને કારણે બેન્કનું ધિરાણ ₹ ૨૯૩૬.૧૯ કરોડથી વધીને ₹ ૩૩૪૧.૨૬ કરોડ થયું છે. જે ૧૩.૮૦% નો વધારો દર્શાવે છે. વર્ષ ૨૦૨૦–૨૧ દરમિયાન બેન્કે ૧૨૨૯ અરજી દ્વારા ₹ ૯૦૯.૮૬ કરોડના ધિરાણો મંજૂર કરી, કુલ ૧૨૨૩ ધિરાણ ખાતાઓમાં ₹ ૮૦૮.૬૪ કરોડના ધિરાણની ચૂકવણી કરી છે. વર્ષ દરમિયાન ગ્રાહકો દ્વારા નિયમિત ચૂકવણી તથા વસુલાત થતાં વર્ષના અંતે ધિરાણો ₹ ૩૩૪૧.૨૬ કરોડના છે.

વિવિધ સબસીડી સ્કીમ હેઠળ ધિરાણ : (TUF, PMEGP, CLCS)

ચાલુ વર્ષ આ યોજનાઓ અંતર્ગત ૨૫૬ ખાતાઓમાં કુલ ₹ ૨૯૪.૮૮ કરોડનું ધિરાણ કર્યુ છે. ગ્રાહકો વતી સબસીડી મેળવવા માટે બેન્ક હંમેશા કાર્યશીલ રહી છે અને તે અંગે બેન્ક દ્વારા સઘન પ્રયત્નો થકી ખાતેદારોના હિત અને લાભ સાચવવામાં બેન્ક હંમેશા તત્પર રહી છે.

બેન્કના ડિરેક્ટર્સને ધિરાણ :

આ બાબતે આપણી બેન્ક, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના આદેશોનું સંપૂર્ણ પણે પાલન કરે છે. બેન્કના કોઈપણ ડિરેક્ટર પોતાના નામે કે તેમના સગા–સંબંધી (રિઝર્વ બેન્કની વ્યાખ્યામાં આવતા) ને નામે બેન્કની પોતાની ફિક્સ ડીપોઝીટ / LIC પોલીસી સામે ધિરાણ સિવાય કોઈપણ પ્રકારનું ધિરાણ લેતા નથી.

નોન પરફોર્મીંગ એસેટ્સ (NPAs)

સમગ્ર બેન્કિંગ સેકટર માટે એન.પી.એ. નો વધારો એક ચિંતાનો મુદ્દો છે. તા.૩૧–૦૩–૨૦૨૧ના રોજનું બેન્કનું ગ્રોસ એન.પી.એ. ₹ ૯૫.૬૪ કરોડ હતું. જે કુલ ધિરાણના ૨.૮૬% થાય છે. ગ્રોસ એન.પી.એ. મર્જર થયેલ બેન્કના એન.પી.એ. સહિતનું છે.

આપણી બેન્કે નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧ દરમિયાન એન.પી.એ. ખાતાઓમાં ₹ ૧૫.૩૩ કરોડની વસુલાત કરેલ છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા મુજબ નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧ માટે સ્ટાન્ડર્ડ ધિરાણો અને એન.પી.એ. ધિરાણો માટે જરૂરી કુલ ₹ ૫૪.૪૭ કરોડની જોગવાઈ સામે બેન્ક દ્વારા કુલ ₹ ૧૫૨.૮૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧ માં બેન્કનું નેટ એન.પી.એ. શૂન્ય ટકા રહયું છે.

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, આપણા બોર્ડે મુદ્દલ / બિનચાર્જિત વ્યાજ, દંડનીય વ્યાજ અને અન્ય ખર્ચમાં રાહત આપ્યા પછી, ૦૬ નોન પરફોર્મીંગ એસેટ્સ ખાતાઓમાં માંડીવાળવા / માફી આપવાની મંજૂરી આપી છે અને ગુજરાત ગવર્મેન્ટ દ્વારા જાહેર કરાયેલ OTS યોજના હેઠળ એક ખાતુ મળીને ૭ ખાતાઓમાં કુલ ₹ ૮૩.૨૩ લાખની રાહત આપવામાં આવી છે.

બોર્ડ આ સભાને બોર્ડની કાર્યવાહી મંજૂર કરવાની વિનંતી કરે છે. બોર્ડ આ સભાને નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન નોન પરફોર્મીંગ ખાતાઓમાં બેલેન્સ માંડીવાળવા / વસુલાતના હક્કો ઉભા રાખી બંધ કરવા, વ્યાજ માફી ધ્યાનમાં લેવાની કાર્યવાહી માટે બોર્ડને મંજૂરી આપવાની વિનંતી કરે છે.

રોકાણો :

બેન્કનું ઈન્વેસ્ટમેન્ટ ડિપાર્ટમેન્ટ રોકાણોના વ્યવસ્થાપનનું કાર્ય કરે છે. બેન્કના કુલ રોકાણો જે ગત વર્ષાન્તે ₹ ૧૯૩૭.૨૯ કરોડ હતા તે વર્ષ ૨૦૨૦–૨૧ ના અંતે ₹ ૧૯૬૧.૧૭ કરોડ છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ધારાધોરણ મુજબ ૩.૫% રોકડ અનામત ગુણોત્તર (CRR) રાખવો જરૂરી છે. જેની સામે બેન્કે વધુ રોકડ અનામત ગુણોત્તર (CRR) જાળવ્યો છે. તેમજ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ નિર્ધારિત કરેલ વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર (SLR) ૧૮.૦૦% ની સામે બેન્કે ૨૨.૭૫% જાળવ્યો છે. જે બેન્કની નાણાંકીય તરલતા અને સધ્ધરતાનો પુરાવો છે. થાપણોમાં ઝડપી વધારો અને ધિરાણોમાં ઓછી માંગના કારણે બેન્કના રોકાણોનો આંક વધી રહયો છે.

કાર્યકારી ભંડોળ :

૨૦૧૯–૨૦ વર્ષના અંતે કાર્યકારી ભંડોળ ₹ ૫૬૦૨.૫૬ કરોડ હતું તે ૨૦૨૦–૨૧ ના અંતે ₹ ૬૧૦૪.૨૧ કરોડ છે.

નફો :

વર્ષ ૨૦૨૦–૨૧ ના અંતે બેન્કની કુલ આવક ₹ ૫૦૬.૩૫ કરોડ થઈ છે. જેમાંથી ખર્ચ, જોગવાઈઓ તથા ઈન્કમટેક્ષ પેટે ચૂકવેલ રકમ મળી કુલ ₹ ૪૭૩.૯૭ કરોડ બાદ કરતાં તા. ૩૧.૦૩.૨૦૨૧ ના રોજનો બેન્કનો ચોખ્ખો નફો ₹ ૩૨.૩૮ કરોડ થયો છે.

લક્ષ્યાંકોની સમીક્ષા તથા વર્ષ ૨૦૨૦–૨૧નું બજેટ (લક્ષ્યાંક) :

બેન્ક દ્વારા દર વર્ષે, વર્ષની શરૂઆતમાં જ આગળના વર્ષમાં અપાયેલા લક્ષ્યાંકોની સરખામણીએ સિધ્ધ કરેલાં લક્ષ્યાંકોની સમીક્ષા કરી ચાલુ વર્ષ માટેના નવા લક્ષ્યાંકો આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૦–૨૧ માટે નિર્ધારિત લક્ષ્યાંકોની સામે થયેલી કામગીરી તથા વર્ષ ૨૦૨૧–૨૨ ના બજેટની માહિતી સભાસદોની જાણ માટે નીચે મુજબ રજૂ કરીએ છીએ જેને મંજૂર કરવા આ સભાને વિનંતી છે.

વર્ષ ૨૦૨૦–૨૧ના લક્ષ્યાંકોની સમીક્ષા તથા વર્ષ ૨૦૨૧–૨૨ નું બજેટ (₹ કરોડમાં)

અ.નં.	વિગત	વર્ષ ૨૦૨૦–૨૧નું બજેટ (લક્ષ્યાંક)	વર્ષ ૨૦૨૦–૨૧નાં લક્ષ્યાંક સામે સિધ્ધિ	વર્ષ ૨૦૨૧–૨૨નું બજેટ (લક્ષ્યાંક)
૧.	શેરમૂડી	૬૫	૬૫.૫૫	૬૮
૨.	અનામત તથા અન્ય ભંડોળ	૬૧૫	૫૭૩.૨૨	૫૮૦
૩.	કુલ થાપણો – જે પેકી ચાલુ/બચત ખાતાની થાપણો	૫૧૫૦ ૧૨૫૦	૫૩૦૨.૦૧ ૧૪૭૬.૩૮	૫૮૦૦ ૧૪૫૦
૪.	રોકાણો – અન્ય બેન્કોમાં મૂકેલી થાપણો સહિત	૨૩૦૦	૧૯૬૧.૧૭	૨૨૦૦
૫.	કુલ ધિરાણો	૩૩૦૦	૩૩૪૧.૨૬	૩૮૦૦
૬.	કાર્યકારી મૂડી	૬૦૦૦	૬૧૦૪.૨૧	૬૬૦૦
૭.	કુલ આવક	૫૦૦	૫૦૬.૩૫	૫૫૦
૮.	કુલ ખર્ચ	૪૪૨	૪૭૦.૬૭	૪૯૦
૯.	કાર્યકારી નફો	૫૮	૨૭.૧૦	૫૫
૧૦.	ચોખ્ખો નફો	૫૦	૩૨.૩૮	૩૦
૧૧.	NPA રિકવરી	૨૦	૮.૯૮	૧૫

અત્યાધુનિક ટેકનોલોજીકલ સેવાઓ :

"PEOPLE'S BANK in real sense" એવા સંકલ્પ સાથે બેન્ક, બેન્કિંગ સેવાઓનું વિસ્તરણ કરતી રહે છે. જે પરિપૂર્ણ કરવા આપણી બેન્ક, બેન્કિંગ સેવાઓમાં દર વર્ષે નવી નવી ટેક્નોલોજીકલ સેવાઓ ઉમેરતી જાય છે.

ડીમેટ/ASBA સેવા :

બેન્કમાં ડીમેટ સેવા ૧૯૯૯ થી ઉપલબ્ધ છે. બેન્કની મુખ્યશાખા અને નવસારી શાખા સહિતની ૭ શાખાઓમાં આ સેવા આપવામાં આવે છે. IPO / FPO માં ભરણું ભરવા ASBA સુવિધા લેવી જરૂરી છે, જે બેન્કની તમામ શાખાઓમાં પ્રાપ્ત છે.

e-Insurance :

બેન્ક દ્વારા e-Insurance ની સેવા શરૂ કરવામાં આવી છે. જેને માટે બેન્ક દ્વારા NSDL Database Management Limited સાથે કરાર કરવામાં આવ્યા છે. આ સેવા દ્વારા ગ્રાહકો તેમની ફીઝીકલ વીમા પોલીસી ઈલેકટ્રોનિક સ્વરૂપે તેમના ખાતામાં રાખી શકશે જેથી પોલીસી ખોવાઈ જવાની અને સાચવવાની ઝંઝટમાંથી મુકિત મળશે. વધુમાં ગ્રાહકો પ્રિમીયમ ભરવાની તારીખ SMS દ્વારા જાણી શકશે.

ATM / BNA કેન્દ્રો :

આપણી બેન્કના ૨૫ ATM / BNA કેન્દ્રો કાર્યરત છે. આપણા ATM / BNA કેન્દ્રો સુરક્ષા ગાર્ડ તથા C.C.T.V. કેમેરાની સગવડથી 24 x 7 સુરક્ષિત છે. અન્ય બેન્કના ATM કાર્ડ ધરાવતા ગ્રાહકો પણ આપણી બેન્કના ATM ની સારી સેવાને કારણે ખૂબ લાભ લે છે.

e - Lobby :

ગ્રાહકોને વધુ સગવડ આપવા માટે બેન્કે જુદી જુદી આઠ (૮) શાખાઓમાં e - Lobby નો આરંભ કર્યો છે. જેમાં ATM / BNA, સેલ્ફ સર્વિસ પાસ બુક પ્રિન્ટર અને ચેક ડિપોઝીટ મશીનનો સમાવેશ થાય છે. ગ્રાહકો રોકડનો જમા / ઉપાડ, પાસબુકનું પ્રિન્ટીંગ અને ક્લીયરીંગના ચેક જમા કરી શકે છે. વધુને વધુ ગ્રાહકો બેન્કની e - Lobby નો લાભ લઈ રહ્યા છે.

e - Payment સેવા :

આપણી બેન્કના ખાતેદારો, વિવિધ સરકારી વેરાઓ સરળતાથી ભરી શકે એ માટે આપણી બેન્ક, વેરા ભરવા માટે ICICI Bank ના સહયોગથી નિઃશુલ્ક સુવિધા આપે છે. મોટી સંખ્યામાં બેન્કના ગ્રાહકો આ સેવાનો લાભ લે છે.

RuPay – ATM કમ ડેબિટ કાર્ડ :

બેન્કના RuPay – ATM કમ ડેબિટ કાર્ડ થકી ઘણી બધી સુવિધાઓ ઉપલબ્ધ છે જેમકે ઓનલાઈન શોપીંગ, રેલ્વે ટિકિટ બુકિંગ, વીમાના પ્રિમીયમ ચૂકવણી વિગેરે.

બેન્કનું ડેબિટ કાર્ડ ભારતભરના તમામ ૬.૨૮ લાખ થી વધુ ATM કેન્દ્રો ઉપર સ્વીકૃત છે તેમજ ૪૫.૨૪ લાખથી વધુ વેચાણ કેન્દ્રો (POS) ઉપર ખરીદી કરવા વાપરી શકાય છે.

મોબાઈલ / નેટ બેન્કિંગ :

બેન્ક દ્વારા "SPCB Mobile Banking" સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં થર્ડ પાર્ટી ટ્રાન્સફર, RTGS-NEFT ટ્રાન્ઝેકશન, વ્યવહારોની વિગત જાણવા, ખાતાનો ઉતારો મેળવવા, ઈ–મેઈલ દ્વારા સ્ટોપ પેમેન્ટ, ચેકબુક રીકવેસ્ટ, યુટીલીટી બિલ પેમેન્ટ અને મોબાઈલ રીચાર્જ, વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે. આ સેવાને ગ્રાહકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. મોબાઈલ બેન્કિંગ દ્વારા ગયા વર્ષે ₹ ૯૨૦૦ કરોડથી વધુના નાણાંકીય વ્યવહારો થયા હતા. બેન્કે નેટ બેન્કિંગ સેવા પણ ચાલુ કરી છે. જેથી કોર્પોરેટ ગ્રાહકો તેમના ધંધાકીય વ્યવહારો પોતાની ઓફિસેથી કરી શકે છે.

Direct-Indierct Tax પેમેન્ટ : ચલણ નં. : ૨૮૦,૨૮૧,૨૮૨ અને ૨૮૩

ગ્રાહક બેન્કની ઈન્ટરનેટ બેન્કિંગની સગવડની મદદથી તેમના Direct અને Indirect ટેક્ષ નું પેમેન્ટ કરી શકે છે. ગ્રાહક તેમના ચલણ તરત ડાઉનલોડ કરી શકે છે. ગ્રાહકે ચેક લખવો પડતો નથી અને તેથી ચેકના વપરાશથી થતા ખર્ચમાં બચત થાય છે. Direct Tax પેમેન્ટની એન્ટ્રી તેમના ખાતાનાં સ્ટેટમેન્ટમાં જોઈ શકાય છે.

ગ્રાહકો ઈન્ટરનેટ બેન્કિંગની મદદથી Bulk NEFT કરી શકે છે.

e - Book સેવા :

બેન્ક દ્વારા શરૂ કરવામાં આવેલ e-Book સેવા પણ ગ્રાહકોમાં ખૂબ જ લોકપ્રિય છે. આ App. ડાઉનલોડ કરીને આપના મોબાઈલમાં આપના દરેક ખાતાની પાસબુક જોવા મળી શકે છે.

UPI 2.0

હવે UPI 2.0 વાળી એપ્લીકેશન જેવી કે BHIM, paytm, Google Pay ના મારફત કંપનીના IPO ભરી શકાય છે.

સભાસદ ઉત્કર્ષ યોજના :

બેન્ક છેલ્લા ૨૦ વર્ષથી જનતા પર્સનલ એકસીડન્ટ વીમા પોલીસી લઈ રહી છે. તે અંતર્ગત વર્ષ દરમિયાન અકસ્માતથી દિવંગત થયેલા ૩ સભાસદોના વારસદારોને સભાસદ દીઠ ₹ ૧ લાખ લેખે ₹ ૩,૦૦,૦૦૦ ની સહાય કરેલ છે. વર્ષ દરમિયાન જે સભાસદો દિવંગત થયા છે તે સર્વેના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

માનવ સંશાધન વિકાસ :

આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં કોઈપણ સંસ્થાની પ્રગતિમાં "માનવ સંશાધન વિકાસ" મહત્વનો ભાગ ભજવે છે. ૩૯૪ કુશળ અને સંતુષ્ઠ કર્મચારીઓ આપણી બેન્કની મૂડી છે. કર્મચારીઓના કૌશલ્યવર્ધન માટે વર્ષ દરમિયાન બેન્કિંગના વિવિધ વિષયો પર બેન્કમાં જ ટ્રેઈનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. બેન્કના કર્મચારીઓને ટ્રેઈનિંગ મેળવવા માટે સુરત શહેરની તથા અન્ય શહેરોની ટ્રેઈનિંગ સંસ્થાઓમાં પણ મોકલવામાં આવે છે.

બેન્કના કર્મચારીઓની કાર્યદક્ષતા અને ઉત્સાહ જળવાઈ રહે તથા તેમનું બેન્ક સાથેનું જોડાણ મજબૂત બને તે માટે, જે શાખાઓ થાપણો વધારવામાં કે લો કોસ્ટ ડિપોઝીટ મેળવવા વધુ સારી કામગીરી કરે છે તે શાખાના કર્મચારીઓને પુરસ્કાર આપવામાં આવે છે.

ગ્રાહકો દ્વારા ભૂલથી શાખાઓમાં રહી ગયેલી મૂલ્યવાન ચીજો કે રોકડ જે તે ગ્રાહકોને પરત કરી બેન્કના કર્મચારીઓ ઉમદા પ્રામાણિકતા દર્શાવે છે. બેન્ક તેમની પ્રમાણિકતાને બિરદાવે છે.

આ વર્ષ દરમિયાન સર્વશ્રી પદમકાંત પાંડુ કાલગુડે, દિનેશ કીશન મોહિતે, જ્યોતિન્દ્ર મદનલાલ ગજીવાલા, ધિરેન કૃષ્ણવદન બેન્કર, આશિત પ્રાણલાલ સુખડીયા, ધવલ દ્વિજેન્દ્રલાલ વશી, સ્વ. બિપીન મનસુખલાલ રંગરેજ, દિનેશકુમાર રણછોડભાઈ પટેલ, જમુભાઈ ડાહ્યાભાઈ પટેલ, પ્રવિણચંદ્ર એમ. લીમ્બાચીયા, દિનેશ નટવરલાલ જરીવાલા, સુધાબેન અતુલકુમાર કાયસ્થ, પિયુષ વજેન્દ્રલાલ શાહ, નરેન્દ્ર મોહનલાલ નાવડીવાલા, રાજેશ નગીનદાસ ગાંધી, હેમેશ ધીરજલાલ કોન્ટ્રાકટર વય મર્યાદાના કારણે બેન્કમાંથી નિવૃત થયા છે તેમજ વૈશાલી પરેશ ડોંગા, ક્રિષ્ણા નટવરલાલ પટેલ, વૈશાલી દિવ્યાંશુ લાડ, જુહી નરેશપ્રસાદ ગુપ્તા, રાહુલ રાજેન્દ્રભાઈ ચૌધરી, પંકિત રશેષભાઈ દેસાઈ, બીના દીલીપભાઈ સોજીત્રા, નેહા નંદકિશોર વ્યાસ સ્વૈચ્છિક રાજીનામુ આપી નિવૃત્ત થયા છે. આ તમામ કર્મચારીઓની સેવાને બિરદાવીએ છીએ અને તેઓના શેષ જીવનમાં સુખ, શાંતિ જળવાઈ રહે તેવી આપણી સૌની અભ્યર્થના.

શ્રધ્ધાંજલિ :

વર્ષ દરમિયાન બેન્કના કર્મચારી શ્રી સુધાકર સાવંતનું અવસાન થયેલ છે. તેમણે ૩૫ વર્ષ સુધી બેન્કમાં સેવા આપી હતી. તેમણે બેન્કને આપેલી સેવાઓની નોંધ લઈ બેન્કનું બોર્ડ ઓફ ડિરેકટર્સ તેમના આત્માને પરમાત્મા ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના કરે છે.

આભાર દર્શન :

બેન્ક પ્રતિ અતૂટ વિશ્વાસ રાખી બેન્કના વિકાસમાં સહકાર આપી સહભાગી થવા બદલ સર્વે સભાસદો, ગ્રાહકો અને શુભેચ્છકોનો આભાર માનું છું.

બેન્કના રોજબરોજના સંચાલનમાં સહાયરૂપ ઉપપ્રમુખ તથા સાથી ડિરેકટર મિત્રોનો અંતઃકરણ પૂર્વક આભાર.

બેન્કના કાર્યક્ષમ વહીવટના સહભાગી એવા જનરલ મેનેજર તથા આસિસ્ટન્ટ જનરલ મેનેજર્સનો આભાર. બેન્ક પ્રત્યે વફાદારી રાખી નિષ્ઠાપૂર્વક, પડકારો ઝીલીને બેન્કની પ્રગતિના સહભાગી એવા સર્વે કર્મચારીગણ પ્રતિ આભાર વ્યકત કરૂં છું.

બેન્કના સર્વે કન્કરંટ ઓડિટર્સ, સ્ટેટ્યુટરી ઓડિટર, લીગલ એડવાઈઝર્સ, વેલ્યુઅર્સ, એડવોકેટસની સેવા બદલ તેઓનો પણ આભાર માનું છું.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના અધિકારીશ્રીઓ, સેન્ટ્રલ રજીસ્ટ્રારશ્રી, જીલ્લા રજીસ્ટ્રારશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝશ્રી તથા વર્તમાનપત્રો, સામયિકો, ટી.વી., રેડિયો અને સોશિયલ મિડિયાના સહકાર બદલ આભાર વ્યકત કરૂં છું.

બોર્ડ ઓફ ડીરેકટર્સ વતી

આશિત વી. ગાંધી

પ્રમુખ

Annual Report on behalf of the Board of Directors

Honourable Members,

It gives me immense pleasure to welcome you to the 99th Annual General meeting of the Bank. Its my honour to present the Annual Report along with the audited Profit & Loss account for the year 2020-21 and Balance Sheet as on 31.3.2021.

Inspite of negative effect of COVID-19 & lockdown, during the year the performance of our Bank in the area of Deposit growth, Advances growth and Profitability was satisfactory. Bank's total business, which was ₹ 7715.35 crore at the end of the year 2019-20, reached up to ₹ 8643.26 crore at the end of the year 2020-21, registering growth of 12.03%.

As you know, Indian Banking has seen major technological and financial innovations. We have accepted the challenges and introduced almost all the new Banking services at par with Private and Commercial Banks.

Share Capital :

During the year, Bank's share capital decreased by ₹ 0.46 crore and reached to a total of ₹ 65.55 crore and membership increased from 87389 to 88374.

Reserve and other funds :

After appropriation of Net Profit of year 2019-20 and provisions made during the year 2020-21 and transfer of the amount as per Bank's Bye Laws, Bank's Reserves and other funds have increased by ₹ 19.85 Crore and reached to a total of ₹ 620.35 crore. From amount, ₹ 47.13 crore had been paid to LIC for retirement benefit Scheme. After that the total reserve and other funds is ₹ 573.22 crore.

Capital Adequacy Ratio (CRAR) .

Bank's Tier-I capital was ₹ 388.27 crore and Tier-II capital was ₹ 85.04 crore as on 31.03.2021. Bank's CRAR is 13.86 % as on 31.3.2021.

Deposits :

We are happy to state that the total deposits of our Bank have increased to ₹ 5302.01 crore as on 31.03.2021, which were at ₹ 4779.16 crore as on 31.03.2020. Bank's low cost deposits is 27.85% at the end of the year.

DICGC Insurance :

We may mention that our Bank has regularly paid insurance premium on deposits to DICGC, insuring all deposits up to ₹ 5 lakh in our Bank. In the current year, Bank has paid premium of ₹ 313.87 lakh for the period up to 30.09.2021.

Advances :

Earlier Bank's Advances portfolio mainly consisted of textile industry. But now Bank has diversified the same in many other sectors.

Due to simple, fast and co-operative working system of Loan processing, our Bank's gross advances have increased to ₹ 3341.26 crore from ₹ 2936.19 crore, registering a growth of 13.80%. During the year Bank has sanctioned ₹ 909.86 crore by processing 1229 applications and disbursed ₹ 808.64 crore in 1223 accounts.

Advance under TUF, PMEGP & CLCS Scheme :

During the year Bank disbursed ₹ 294.88 crore in 256 accounts under above Schemes. Bank put

its maximum efforts to get the subsidy on behalf of customers and Bank always takes initiatives to protect the interest and benefits of customers.

Advances to Directors :

In this regard, our Bank is following the directives of Reserve Bank of India meticulously. The Directors of our Bank or their relatives (defined by RBI) do not avail any kind of finance from our Bank, except advances against bank's fixed deposits in their names or LIC policy.

Non Performing Assets (NPAs)

Increasing in NPAs is a serious issue of concern in the entire banking sector. Gross NPA of our bank has remainned ₹ 95.64 cr. as on 31.03.20201, which is 2.86% of total advances. Gross NPA includes NPA of merged bank.

Our bank has made recovery of ₹ 15.33 cr. during F.Y. 2020-2021 from NPA accounts.

Bank has already made a total provision of ₹ 152.86 cr. for standard advances as wall as NPA accounts as against ₹ 54.47 cr. which is required as per RBI guidelines. Bank's net NPA has remained Zero percent for the F.Y. 2020-2021.

During the year under review, our board has approved to write off / waiver in 06 non-performing assets accounts after granting relief in principal / uncharged interest, penal interest and other expenses and one account has been settled under OTS scheme declared by Govt. of Gujarat. In total 7 accounts relief of ₹ 83.23 Lakh is granted in these accounts.

The Board requests this house to ratify the action of the Board. Board also requests this house to give permission to the Board to write off / charge off / consider waiver etc. in non-performing accounts during the financial year 2021-22.

Investment :

Bank's Investment department manages investment portfolio. Bank's total investments is ₹1961.17 crore at the end of the year 2020-21, which were at ₹ 1937.29 crore, in the previous year. It is required to maintain Cash Reserve Ratio at 3.5% as per Reserve Bank of India's guidelines against which Bank has maintained higher CRR. Moreover it is required to maintain Statutory Liquidity Ratio at 18.00% against which Bank has maintained 22.75%. This is the sign of financial liquidity and strength of the Bank.

Working fund :

Bank's total working fund is ₹ 6104.21 crore at the end of the year 2020-21, which were at ₹5602.56 crore in previous year.

Profit :

Bank earned total income of ₹ 506.35 crore during the year 2020-21. After deducting a sum of ₹473.97 crore towards expenses, provisions and payment of income tax, Bank has earned net profit of ₹32.38 crore.

Assessment of targets - Budget (targets) for the year 2020-21 :

Bank has a practice of assessment of achievements against the targets given for the year. Bank also sets targets in the beginning of every year.

The comparisons between target for the year 2020-21 and actual achievement are given. The Targets and Budget for the year 2021-22 is presented for approval of this house. The house is requested to approve the Targets and Budget.

Analysis of targets for the year 2020-2021 and budget for the year 2021-22 (₹ in crore)

S.N.	Particulars	2020-21 (Budget/Target)	2020-21 (Actual Achievement)	2021-22 (Budget/Target)
1.	Share Capital	65	65.55	68
2.	Reserve and surplus fund	615	573.22	580
3.	Deposit of which CASA Deposit	5150 1250	5302.01 1476.38	5800 1450
4.	Investment including deposits with Bank	2300	1961.17	2200
5.	Advance	3300	3341.26	3800
6.	Working capital	6000	6104.21	6600
7.	Gross Income	500	506.35	550
8.	Gross Expense	442	470.67	490
9.	Operating Profit	58	27.10	55
10.	Net Profit	50	32.38	30
11.	NPA recovery	20	8.98	15

Modern Technological Service :

Bank is committed to the principle of "PEOPLE'S BANK in real sense" and towards fulfillment of the same, Bank has been expanding horizons of its technological services. As a result, every year new technological services are introduced in our Bank.

Demat / ASBA service :

Bank is providing Demat service since 1999. The Demat service is available from Main Branch and also from 6 branches including Navsari Branch. For subscribing to IPO/FPOs, applications have to be routed through ASBA. All the branches of our Bank provide ASBA service to customers.

e-Insurance :

Bank is providing e-Insurance service in collaboration with NSDL Database Management Limited. By using this service, customers can convert their physical Insurance policies into electronic form. As such there is no need to preserve the Policies physically and no risk of loss of policies. Under this service, the due date of premium is advised to customers by SMS.

ATM / BNA centres :

Our Bank has 25 ATM / BNA centres at different branches, providing 24 x 7 service. Security guards are deployed at ATM / BNA equiped with CCTV cameras. Due to this, most of the customers of other Banks also utilize the service of our ATMs.

e - Lobby :

To facilitate customers, bank has started e-lobby in 8 branches. e-Lobby comprise of ATM/BNA, Self Service Passbook Printer & Cheque Deposit - Machine. Costumer can deposit / withdraw money, print their passbook & also deposit cheque for clearing. More and more customers are taking benefit of e-Lobby.

e-Payment service :

Our Bank Provides Tax payment service in collaboration with ICICI Bank Ltd. for payment of various taxes payable by our customers. Most of the customers are taking advantage of this service as the

service is provided free of cost.

RuPay-ATM cum Debit Card :

Our Bank's RuPay - ATM cum Debit card is having extra features. It can be used for Online shopping, Railway ticket booking, Payment of insurance premium etc. Bank's RuPay ATM cum Debit card can be used at more than 6.28 lakh ATMs across India and also at more than 45.24 lakh Points Of Sale (POS).

Mobile / Net Banking :

Our Bank has introduced SPCB Mobile Banking service for the customers. The same includes the facility of Third party transfer, RTGS - NEFT, IMPS, Transaction history, Account statement on e-mail, Stop payment, Cheque Book request and Bill payment by which you can Recharge DTH / Mobile and can pay Electricity/Telephone/Gas Bills. We have received very good response from our customers and last year transactions of more than ₹ 9200 crore were carried out through Mobile Banking. Bank has also started Net Banking facility. Now corporate customers can do their business transaction from their office.

Direct-Indirect Tax payment : Challan No. 280,281,282 & 283 :

Customer can directly pay their Direct-Indirect Tax from our Internet Banking facility. Customer can also download challan instantly. Customer does not need cheque writting and can save money of per leaf usage. Direct tax payment entry can be seen in their account statement.

Customer can also avail Bulk NEFT facility from Internet Banking.

e-Book facility :

Bank's e-Book Facility is also very popular amongst customers. This APP is available in Playstore and one can easily download the same and avail facility of viewing the detailed pass book of their accounts.

UPI 2.0 :

Now IPO can be availed by using UPI functionality from UPI 2.0 enable application. (3rd Party app. like BHIM, paytm, Google Pay etc.)

Members Welfare Scheme :

For last 20 years, Bank has been taking Janta Personal Accident Insurance Policy for the members of the Bank. During the year under this Scheme, Bank has given total relief of ₹ 3,00,000 to the family of 3 members deceased in accident. We pray Almighty for eternal peace to the departed souls.

Human Resource Development :

Human Resource Development plays key role in the development of any organization. Bank is having 394 well trained and satisfied human assets. In house Training programmes are arranged on various subjects for skills development and updation of knowledge of employees. Bank's employees are also nominated for training at institutions in Surat as well as other cities.

In order to enhance the efficiency and strengthen their bonding, Bank gives awards for the staff of branches, which performed extra ordinary in achieving targets of Term Deposits / low cost Deposits.

We proudly state that our honest employees have returned many items / cash to the customers who have forgotten their valuables in Branches of the Bank/Vault Departments. Bank appreciates their act of honesty.

During the year Shri Padmakant Pandu kalgude, Dinesh Kishan Mohite, Jyotindra Madanlal

Gajiwala, Dhiren Krushnavadan Banker, Ashit Pranlal Sukhadia, Dhaval Dwijendralal Vashi, Late Bipin Mansukhlal Rangrej, Dineshkumar Ranchodbhai Patel, Jamubhai Dahyabhai Patel, Pravinchandra M. Limbachia, Dinesh Natvarlal Jariwala, Sudhaben Atulkumar Kayasth, Piyush Vajendralal Shah, Narendra Mohanlal Navdiwala, Rajesh Nagindas Gandhi and Hemesh Dhirajlal Contractor retired due to superannuation and Vaishali Paresh Donga, Krishna Natvarlal Patel, Vaishali Divyanshu Lad, Juhi Naresh Prasad Gupta, Rahul Rajendrabhai Chaudhari, Pankit Rasheshbhai Desai, Bina Dilipbhai Sojitra and Neha Nandkishor Vyas had availed voluntary retirement by resignation. Bank appreciates their services and wish for their peace, happiness, joy and well being in their retired life.

Obituary :

During the year Shri Sudhakar Sawant, employee of our Bank passed away. He served Bank for 35 years. Board of Directors prays respectful homage to the departed souls taking note of the valuable service rendered by him.

Vote of thanks :

We take this opportunity to convey our sincere thanks to the members, customers and well wishers for their trust, support and active co-operation in the progress of Bank.

We are thankful to Vice President and the members of the Board of Directors for extending their expertise and guidance.

We also like to thank General Manager and Assistant General Managers for efficient administration of the Bank. We would like to appreciate all the staff members for their dedication and committed services to the Bank and for their contribution to the growth of the Bank.

We also express our thanks to the Concurrent Auditors, Statutory Auditor, Legal Advisors, Valuers and Advocates.

We would like to thank the officials of Reserve Bank of India, Central Registrar, District Registrar, Board of Nominees, Press Media, Electronic Media and Social Media for their co-operation.

On behalf of Board of Directors
Ashit V. Gandhi
President

ડિરેક્ટરોની સિદ્ધિઓ
ACHIEVEMENTS OF DIRECTORS

શ્રી સંજીવ એન. તમાકુવાળા (ઉપપ્રમુખ)	• સાર્વજનિક સ્કુલ ઓફ સાયન્સ, સ્કુલ વર્કીંગ કમિટીના ચેરમેન તરીકે વરણી. • ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની એકાઉન્ટ કમિટીના ચેરમેન તરીકે વરણી.
શ્રી જયવદન એન. બોડાવાલા (ડિરેક્ટર)	• મેન મેઈડ ટેક્ષ્ટાઈલ રીસર્ચ એસોસિએશન (MANTRA)ના વાઈસ ચેરમેન તરીકે વરણી.
શ્રી પ્રવિણચંદ્ર પી. જરીવાલા (ડિરેક્ટર)	• શેઠ શ્રી પ્રાણલાલ હીરાલાલ બચકાનીવાલા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે વરણી. • વિદ્યા વિહાર ટ્રસ્ટ, સુરતના ટ્રસ્ટી તરીકે વરણી. • સુરત ક્ષત્રિય સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે વરણી. • મેન મેઈડ ટેક્ષ્ટાઈલ રીસર્ચ એસોસિએશન (MANTRA)ના ટ્રસ્ટી તરીકે વરણી. • સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મેનેજીંગ કમિટી મેમ્બર તરીકે વરણી.
શ્રી મુકેશ સી. દલાલ (ડિરેક્ટર)	• સુરત મહાનગર ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી તરીકે નિમણુંક. • સુરત ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનની વહીવટી કમિટીમાં સભ્ય તરીકે ચૂંટાયા. ક્રિકેટ સમિતિમાં વાઈસ ચેરમેન તરીકે નિમણુંક. • BRCM કોલેજની વહીવટી સમિતિના ચેરમેન તરીકે પુનઃ નિમણુંક.
શ્રી સુનિલભાઈ કે. મોદી (ડિરેક્ટર)	• શેઠ પી.ટી. સુરત જનરલ હોસ્પિટલના પ્રમુખ તરીકે વરણી.
શ્રી અમિત ડી. ગજ્જર (ડિરેક્ટર)	• સુરત ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનની મેનેજીંગ કમિટીમાં મેમ્બર. • સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની મેનેજીંગ કમિટીમાં મેમ્બર.
શ્રીમતી કીનલ વી. જરીવાલા (ડિરેક્ટર)	• રામકિષ્ણ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીમાં લોકલ કમિટી સભ્ય તરીકે વરણી. • સી.સી. શાહ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીમાં લોકલ કમિટી સભ્ય તરીકે વરણી. • વી.ટી. ચોકસી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીમાં લોકલ કમિટી સભ્ય તરીકે વરણી.
શ્રીમતી જસ્મીન જે. મહેતા (ડિરેક્ટર)	• મહાજન અનાથ બાળાશ્રમમાં મેનેજીંગ કમિટી સભ્ય તરીકે વરણી. • સુરતી મોઢ વણિક મહિલા અઠવા પંચમાં મેનેજીંગ કમિટી સભ્ય તરીકે વરણી.
શ્રી કેતન પી. મોદી (ડિરેક્ટર)	• સુરત ટેનિસ કલબમાં મેનેજીંગ કમિટી મેમ્બર તરીકે વરણી.
શ્રી મહેક એન. ગાંધી (ડિરેક્ટર)	• સુરત ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનની મેનેજીંગ કમિટીમાં મેમ્બર. • સુરત રકતદાન કેન્દ્રમાં મેનેજીંગ કમિટી મેમ્બર તરીકે વરણી. • સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીમાં લીગલ કમિટી મેમ્બર તરીકે વરણી. • શ્રી એન.એમ. ઝવેરી યુનિયન હાઈસ્કૂલમાં સભ્ય તરીકે વરણી.

ચોખ્ખા નફાની ફાળવણી
DISTRIBUTION OF NET PROFIT

The Bank has made a net profit of ₹ 32,38,40,894.47 for the year 2020-21 which is recommended to be distributed as under :

Particulars	Rs. Ps.	Rs. Ps.
Out of which to be transferred as per Bye Law		**32,38,40,894.47**
To Statutory Reserve (Min. 25%) **(So that Fund will be of ₹ 192,43,10,000.00)**	8,09,62,955.50	
To 99th Payment of Dividend @ ₹15/- per share held for the full year (i.e. 01/04/2020 to 31/03/2021) and ₹ 1.25 per month per share for the shares applied for and acquired during the year.	9,86,00,000.00	
To 99th Special Dividend **(Subject to CRCS Permission)**	9,86,00,000.00	
To Education Fund	32,38,408.94	
To Unforeseen Losses Fund **(So that Fund will be of ₹ 12,48,85,000.00)**	3,23,85,000.00	
To Charity Fund **(Fund is ₹ 40,14,000.00)**	----	
To Investment Fluctuation Reserve **(Fund is ₹ 42,22,00,000.00)**	----	
To Building Fund **(So that Fund will be of ₹ 84,05,93,821.03)**	90,59,530.03	**32,28,45,894.47**
Out of which to be transferred as per Bye Law		**9,95,000.00**
To Contingency Fund **(Fund is ₹ 4,00,00,000.00)**	----	
To Centenary Celebration Fund **(Fund is ₹ 11,58,34,291.00)**	----	
To Capital Reserve **(Fund is ₹ 5,58,22,000.00)**	----	
To Building, Furniture & Fixtures Maintenance Fund **(Fund is ₹ 1,50,45,000.00)**	----	
To Gifts and Presents to Members & Others Fund **(Fund is ₹ 6,69,17,146.00)**	----	
To Dividend Equalization Fund **(Fund is ₹ 3,63,00,736.26)**	----	
To Propaganda Fund **(Fund is ₹ 82,25,000.00)**	----	
To Staff & Members Uplift Fund **(So that Fund will be of ₹ 10,35,960.00)**	9,95,000.00	**9,95,000.00**
Profit carried Forward to next year's account.....		**0.00**

નોન પરફોર્મીંગ એસેટ્સ
NON PERFORMING ASSETS

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા મુજબ ૨૦૧૯–૨૦૨૦ના વર્ષના નોન–પરફોર્મીંગ એસેટ્સની સરખામણીમાં ૨૦૨૦–૨૦૨૧ના વર્ષના અંતે નોન–પરફોર્મીંગ એસેટ્સની સ્થિતિ નીચે મુજબ છે.

As per RBI Guidelines, Bank's position regarding NPA classification and provisioning for the year 2020-21, as compared to 2019-20 is as under :

(₹ લાખમાં / ₹ in Lakh)

એસેટ્સના પ્રકાર / Types of Assets	૨૦૨૦–૨૧ ના વર્ષના અંતે As on 31-03-2021		૨૦૧૯–૨૦ ના વર્ષના અંતે As on 31-03-2020	
	ખાતાની સંખ્યા No. of A/cs.	રકમ Amount	ખાતાની સંખ્યા No. of A/cs.	રકમ Amount
નોન–પરફોર્મીંગ એસેટ્સ / Non-Performing Assets				
સબ–સ્ટાન્ડર્ડ એસેટ્સ / Sub-Standard Assets	33	1343.38	37	3331.05
ડાઉટફુલ એસેટ્સ / Doubtful Assets	123	6961.44	105	5065.76
લોસ એસેટ્સ / Loss Assets	136	1258.80	190	1306.73
કુલ નોન–પરફોર્મીંગ એસેટ્સ / Total Non-Performing Assets	292	9563.62	332	9703.54
સ્ટાન્ડર્ડ એસેટ્સ / Standard Assets	20994	324562.08	10095	283914.99
કુલ ધિરાણ / Total Advances	21286	334125.70	10427	293618.53
કુલ ધિરાણ સામે નોન–પરફોર્મીંગ એસેટ્સની ટકાવારી % of Non-Performing Assets to Total Advances	2.86%		3.30%	

નોન–પરફોર્મીંગ અને સ્ટાન્ડર્ડ એસેટ્સ અંગેના રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ધારાધોરણો અનુસાર નોન–પરફોર્મીંગ એસેટ્સ અંગેની જોગવાઈ ઉપરાંત સ્ટાન્ડર્ડ એસેટ્સની જોગવાઈ રાખવાનું પણ ફરજિયાત હોવાથી તે મુજબ તા. ૩૧–૦૩–૨૦૨૧ ના રોજ સ્ટાન્ડર્ડ એસેટ્સનું ફંડ ૧૩૭૫ લાખ થાય છે. તથા ૨૦૨૦–૨૧ ના વર્ષના અંતે બેન્કે નોન પરફોર્મીંગ એસેટ્સ અંગે ₹ ૪૧૦૩.૬૮ લાખની જોગવાઈ રાખવી ફરજિયાત છે, જેની સામે તા. ૩૧–૦૩–૨૦૨૧ ના રોજ નોન પરફોર્મીંગ એસેટ્સ અંગેની કુલ જોગવાઈ ₹ ૧૫૨૮૬ લાખની છે, જે ૩.૭૨ ગણી છે.

As per RBI Guidelines, provision for Standard Assets is also made mandatory in addition to that of Non - Performing Assets. Accordingly, as on 31st March, 2021 the provision for the standard assets is 1375 lakh. The total Provision for NPA as on 31st March, 2021 is ₹ 15286 lakh as against the required provision of ₹ 4103.68 lakh, which is 3.72 times more.

ધિરાણનું હેતુલક્ષી વર્ગીકરણ / Purposewise Classification of Advance

તા. ૩૧–૦૩–૨૦૨૧ ના અંતે કુલ ધિરાણ બાકીનું વિવિધ હેતુઓ પ્રમાણે વર્ગીકરણ નીચે મુજબ છે :

Purposewise Classification of Advances as on 31-03-2021 is as under :

(₹ લાખમાં / ₹ in Lakh)

હેતુઓ Purposes	ખાતાની સંખ્યા No. of A/cs.	રકમ Amount
ખેત ધિરાણ / Agri. / Horticulture	2	1,531.61
લઘુ ઉદ્યોગ / Small Scale Industries	2,001	1,31,958.12
અન્ય ઉદ્યોગ / Other Industries	73	4,533.17
જથ્થાબંધ વેપાર / Wholesale Business	14	527.85
છૂટક વેપાર / Retail Business	62	361.56
શૈક્ષણિક / Educational	187	1,820.86
મકાન કે સ્થાવર મિલ્કતનું બાંધકામ / રીપેરીંગ / Construction / Repair of Property	1,152	23,462.30
ચીજવસ્તુઓ ખરીદવા / Purchase of Articles	227	746.95
સ્વરોજગાર અને વ્યવસાયલક્ષી / Self-Employed and Professionals	53	3,522.35
વર્કીંગ કેપીટલ / Working Capital	2,417	1,23,607.20
અન્ય કારણસર / Others	15,098	42,053.73
કુલ / Total	**21,286**	**3,34,125.70**

બોર્ડ તથા પેટા સમિતિની મીટીંગમાં ડિરેકટરોની હાજરી વર્ષ ૨૦૨૦-૨૧

ATTENDANCE OF DIRECTORS IN BOARD MEETINGS & SUB COMMITTEES YEAR 2020-21

Sr. No.	Name of the Directors	Board of Directors meeting held during the year	Board meeting attended by Directors during the year	Committee Meetings held during the year in which Director is a member	Committee meeting attended by Directors during the year
1	**Ashit Gandhi** (President)	37	17	51	24
